ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૮-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

દેર આયે, દુરૂસ્ત આયે

હિંદીમાં કહેવત છે કે સુબહ કા ભુલા શામ લૌટ આયે તો વો ભુલા નહીં કહા જાતા. સવારે ભૂલો પડેલો સાંજે પાછો આવી જાય એની બાંધી મૂઠી લાખની રહી જાય. આપણી 'નંબર વન' સરકારે મોડી મોડી પણ શિક્ષણક્ષેત્રે થઈ ગયેલી હિમાલય જેવડી ભૂલ સુધારી લઈને વિદ્યાજગતને ઉપકૃત કર્યું છે. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના ૧૯૪૯માં થઈ હતી. એ રીતે જોતાં એ આપણા માનવંતા મુખ્યમંત્રી કરતાં એક વર્ષ મોટી છે. દેશની મુખ્ય યુનિવર્સિટીઓની હરોળમાં ગણાતી આ યુનિવર્સિટીને વિશ્વકક્ષાના વિદ્યાપુરુષો કુલપતિ સ્વરૂપે સાંપડ્યા છે. કવિવર ઉમાશંકર જોશી અને પ્રખર ગણિતશાસ્ત્રી ડો. પ્ર.સુ. વૈદ્ય ઉપરાંત ઈશ્વરલાલ પટેલ જેવા મેધાવી કેળવણીકારોનાં નામ સાથે ન શોભે એવું નામ હતું. ડો. આદેશ પાલ. તેઓની એક માત્ર યોગ્યતા એ હતી કે સિનિયર હોવા છતાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પેનલમાં એમનું મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા ટાળવામાં આવતાં એમણે કોર્ટમાં દાદ માગી હતી. રાજ્યપાલ જેવી બંધારણીય સત્તાને પડકારનાર ભડવીર દારૂની પરમીટ ધરાવતો હોય તો પણ ગુજરાત સરકારને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદ માટે લાયક લાગ્યો હતો. પુત્રનાં લક્ષણ પારણામાંએ ન્યાયે આદેશ પાલે આવતાંની સાથે પોત પ્રકાશ્યું હતું અને સરકાર માટે એ ગળાની ફાંસ બની ગયા હતા. આજે ભાજપનો ખેસ પહેરીને મંચની સામે પ્રેક્ષકોની પહેલી હરોળમાં બેસનારા પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના તત્કાલીન વરિષ્ઠ નેતા નરહરિ અમીન સહિત અનેક અગ્રણીઓએ એમનો સખત વિરોધ કર્યો હતો છતાં સરકારના પેટનું પાણી હાલ્યું ન હતું. આખરે એમનાં કરતૂતોની હારમાળા આગળ વધતી ગઈ ત્યારે નાછૂટકે પોતાની ઓફિસમાં તેમજ નિવાસ સ્થાને કમાંડો રાખનારા કુલપતિને ખુરશી છોડવાની ફરજ પડાઈ છે. આ ઘટના ગુજરાતના વિદ્યાક્ષેત્ર માટે સીમાચિહ્ન સમી બની રહેશે. અત્યાર સુધી આ રીતે કોઈ કુલપતિને એમના હોદ્દાની મુદ્દત પહેલાં છૂટા નથી કરાયા. બલકે કેટલાક તો બબ્બે ટર્મ સુધી રહ્યા છે. ભાજપના શાસનકાળમાં વિદ્યાક્ષેત્રે ભારે અધોગતિ સરજાઈ છે. કુલપતિ જેવા મોભાદાર હોદ્દાની એક માત્ર લાયકાત જો પક્ષ અને સંઘ પ્રત્યેની- વિચારધારા પ્રત્યેની વફાદારી જ ગણાતી હોય તો એથી કદાચ રાજકીય ગણિતની રૂએ તો ફાયદો થઈ શકે પરંતુ યુનિવર્સિટીના હાર્દને ભારે ક્ષતિ પહોંચી છે. સામાન્ય કોલેજમાં વ્યાખ્યાતા તરીકે માંડ નભી શકે એવા પાર્ટીના અદના બનાવાયા છે. નામ આપીને એ મહાનુભાવોને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા ઉચિત નહીં ગણાય, પરંતુ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. અવધેશ કુમારસિંહ જેવા એક અપવાદને બાદ કરતાં ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીને પોતે ગૌરવ લઈ શકે એવા સૂત્રધાર ભાજપના શાસનકાળમાં ભાગ્યે જ સાંપડ્યા છે. વળી ગુજરાતમાં આટ આટલા વિદ્યાપુરુષો હોવા છતાં કુલપતિઓ બહારથી આયાત થતા રહ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ સાવ જ ઘણીદોરી વગરનાં બની રહ્યાં છે. ક્યારેક આ બેઉ સંસ્થાઓ ધમધમતી હતી. વિદ્યાજગતની અસ્મિતા સાથે થતાં ચેડાં સામે વિદ્યાપુરુષોનું અકળ મૌન પણ સમજી શકાતું નથી. જાણે કોઈનામાં વિરોધ કે વિદ્રોહ કરવાનું કૌવત જ નથી બચ્યું. ગુજરાતની વિશ્વસ્તરીય યુનિવર્સિટી- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની વિશ્વનિયતાને ભારે ફટકો પડ્યો છે તો વળી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું તો સુકાન જ એક સમયના જિલ્લા ભાજપ પ્રમુખ સંભાળી રહ્યા છે. વિદ્યાક્ષેત્રના ભગવાકરણની આ નીતિથી લાંબે ગાળે કેટલું ભારે નુકસાન થશે એ તો સમય જ કહેશે. વિવિધ યુનિવર્સિટીઓ ઊભી કરી એમનાં પાટિયાં લટકાવી દેવાયાં છે પરંતુ એ યુનિવર્સિટીઓ પાસે નથી તો કોઈ દૃષ્ટિ કે નથી કોઈ નક્કર કાર્યક્રમ. સ્ટાફની ભારે અછત છે, પણ એમની બૂમ સાંભળે છે જ કોણ? કોઈ તટસ્થ સર્વેક્ષણ કરાવાય તો ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પ્રવર્તી રહેલી અરાજકતાની રૂએ પણ ગુજરાત પ્રથમ ક્રમનું રાજ્ય જાહેર થઈ શકે એમ છે. આવા કાળા ડિબાંગ અંધકારમાં વીજરેખા સમું આશ્વાસન સાંપડે છે ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ કુલપતિની હકાલપટ્ટીથી. શું હવે પછી અન્ય યુનિવર્સિટીઓમાં પણ આવી સાફસૂફી શરૂ થશે ખરી? આશા રાખીએ કે વિદ્યાક્ષેત્રને વિચારધારાના અને રાજકારણના વળગણથી વહેલી તકે આઝાદી સાંપડે.

ગુજ. યુનિ.નો વહીવટી ફરી કાર્યકારી કુલપતિનાં હસ્તક

અમદાવાદ, તા.૦૯

ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ અને કૌભાંડોથી ઘેરાયેલા કુલપતિ આદેશપાલનું આખરે ગુરૂવારે સરકારે રાજીનામું લઈ લીધું જેથી યુનિવર્સિટીના ઉપકુલપતિમુકુલ શાહની યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે નિમણુંક કરી છે. જેના પગલે મુકુલ શાહે આજે રમજાન ઈદની રજા હોવા છતાં યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટીમાં વધુ એક પોસ્ટ ઉપર કાર્યકારીની નિમણુંક કરાઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ કુલપતિ આદેશપાલનો રાજીનામુ ગુરૂવારે રાજ્ય સરકાર દ્વારા લઈ લેવામાં આવ્યું હતું. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટીમાં તેમેના ૧૧ મહિનાના કૌભાંડી અને એક હથ્થુ શાસનનો અંત આવ્યો છે. જ્યારે યુનિવર્સિટીના ખાલી પડેલ કુલપતિના પદે યુનિવર્સિટીના ઉપકુલપતિ મુકુલ શાહની કાર્યવાહી કુલપતિ તરીકે નિમણુક કરી છે. જેમણે આજે રમજાન ઈદની રજા હોવા છતાં યુનિવર્સિટીમાં આવીને ચાર્જ સંભાળ્યો હતો. હવે ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ નિમણુક માટે સર્ચ કમિટીની દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અને સર્ચ કમિટી દ્વારા કુલપતિનું નામ નક્કી કરી રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે. પરંતુ એક વાત નક્કી છે કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે જેની પણ નિમણુંક થશે તેનાં માટે આગામી સત્રના શિક્ષણ કાર્યને વ્યવસ્થિત કરવું એક મોટો પડકાર હશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અત્યારે હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, કચ્છ યુનિવર્સિટી, ભુજ અને સરદાર યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં કુલપતિની નિમણુંકમાંવિલંબ થઈ રહ્યો છે ત્યારે ચોથી યુનિવર્સિટીના કુલપતિની પસંદગી કરવાની જવાબદારી સર્ચ કમિટી ઉપર આવી પડી છે.

આંતરરાષ્ટ્રીય અમ્પાયર અમીષ સાહેબાએ ઉદ્‌ગમ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ મોઢેરા ખાતે ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વાર સ્થાપિત એમ્પાયર્સ એકેડમીના બે વર્ષ પુરા થયા જેના ઉપક્રમેના કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય અમ્પાયર્સ એકેડેમીના નિર્દેશક અમીષ સાહેબા ઉપસ્થિત રહ્યા હતા.

અમીષ સાહેબાએ પોતાના સાથે સતત પ્રયત્ન શીલ થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમ સંસ્થાના કાર્યોથી પ્રભાવિત થઈને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોશીની ઉપસ્થિતિમાં નોટબુક, ચોપડીઓ, પેન્સીલો જેવી શૈક્ષણિક ચીજવસ્તુઓ સંસ્થાને આપીને સંસ્થાના ઉમંગ પ્રોજેક્ટમાં સહયોગ પૂરો પાડ્યો હતો.

ઉમંગ પ્રોજેક્ટમાં સેક્ટર- ૨૪/૧ની પ્રાથમિક શાળાના આચાર્યા ઉષાબેન ગોસ્વામી અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં અમીષ સાહેબાએ વિદ્યાર્થીઓને ક્રિકેટ અને અમ્પાયરની વધુ સમજ મેદાનના નિદર્શન દરમ્યાન આપી હતી.

ત્યારબાદ ઉદ્‌ગમ સંસ્થાએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે વધુ સંવેદનશીલ અને જાગૃત બને તે માટે પર્યાવરણ શિક્ષણ સંસ્થા, સુગડની મુલાકાત કરાવી હતી. જીવનમાં આંતરિક અને બ્રાહ્ય સ્વચ્છતાની સમજ પર્યાવરણ શિક્ષણ સંસ્થાના નાયબ નિયામક દેવેન્દ્રભાઈ પારેખ અને સાથી મિત્રોએ આપી હતી. અંતે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોશીએ સર્વેનો આભાર માન્યો હતો.

ઉદ્‌બોધનમાં ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિ

શ્રી સ્વામીનારાયણ પબ્લિક સ્કુલ સેકટર-૨૩, અંગ્રેજી માધ્યમમાં ધોરણ-૫માં અભ્યાસ કરતા પ્રિન્સ એસ. રાઠોડે ઓપન વેસ્ટન ઝોન નેશનલ ટેકવોન્ડો કપ-૨૦૧૩ની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. પ્રિન્સ રાઠોડે કુકીવોન ટેકવોન્ડો સેમીનાર-૨૦૧૩ ઉમાં સાઉથ કોરીયન ગ્રાન્ડ માસ્ટર લી જીયોન્ગહી પાસે સેમીનારમાં ભાગ લઈ ટ્રેનિંગ લીધી હતી. અને તેમના જ હસ્તે પ્રિન્સ રાઠોડનું સન્માન થયું હતું.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા લોકગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા સમધારા અંતર્ગત ગીત-સંગીત- નૃત્ય ધારા હેઠળ લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ બામણિયા રાજવન્તી, દ્વિતીય ભાવસાર મૌસમ અને તૃતીય ગોહિલ કાજલ વિજેતા બન્યા હતા.

આ સ્પર્ધાનું સમગ્ર આયોજન ગીત- સંગીત- નૃત્ય ધારાના કન્વીનર પ્રા. સોનલ મોદીએ કર્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે મિહીરભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્યા ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૯

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં ગાંધીનગર સ્થાપના દિન નિમિત્તે વૃક્ષારોપણ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા મીનાબેન અને ચંદ્રિકાબેન ચૌધરીએ ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને વૃક્ષોના મહત્વ વિશે માહિતીગાર કર્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમમાં શાળાના આચાર્યા સહિત ઈજુબેન ચૌધરી, ચંદ્રિકાબેન ચૌધરી, દક્ષાબેન પટેલ તથા મંદાબેન ત્રિવેદીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યના માર્ગદર્શન હેઠળ શિક્ષકગણ તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

તું ખોટો હેરાન થાય છે... છાપા વાંચવાનું રાખ... અમે ક્યારનાય ફુડ બિલ તારા માટે લાવી ચૂક્યા છીએ.

સી.એમ. હાઈસ્કૂલ દ્વારા ગાંધીનગર સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર ખાતે આવેલ શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા ગાંધીનગરના ૪૯માં સ્થાપના દિનની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. શહેરમાં અનેક સાંસ્કૃતિ તથા સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભાથી ગાંધી મંદિર સુધી વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બેનર સાથે ધોરણ-૯ના ૫૩ વિદ્યાર્થીઓ સહિત બે શિક્ષક આર. કે ચૌહાણ અને બી.ટી. ડામોર પણ જોડાયા હતા.

શાળા પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ શાળાના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક દિલીપભાઈ ચૌધરી, સંજયભાઈ પટેલ અને માધ્યમિક વિભાગના સુપરવાઈઝર હરિભાઈ પટેલ તથા પ્રહલાદભી પટેલે હાજરી આપી હતી.

પર્યાવરણની જાગૃતિ તથા તેના બચાવ, તેના ફાયદાની જાણકારી મેળવીને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના રોપાઓને શાળાના મેદાનમાં વાવવામાં આવ્યા હતા.

એસ.એસ.પટેલ અને એસ.વી. પટેલ પી.ટી.સી. કોલેજ દ્વારા ગીત અને રાખડી બનાવટ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર ખાતે આવેલ શરદબેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પી.ટી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે ગીત સ્પર્ધા તેમજ રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજિત ગીત સ્પર્ધામાં પ્રથમ સુથાર અજય એન., દ્વિતીય ક્રમે ચરાવાલા કુલસુમ એચ., અને તૃતીય ક્રમે ખુશ્બુ સોલંકીએ મેળવેલ છે. અને રાખડી બનાવટ સ્પર્ધામાં પ્રથમ સુનસરા સાજેદા, બીજો ક્રાસ્ટે મિનાક્ષી અને તૃતીય કબીરા મનીષાએ પ્રાપ્ત કરેલ છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યા કિરણબેન તથા પ્રાધ્યાપકોના સહયોગથી સફળ બનાવ્યો હતો.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા વિવિધ કલા વિષયક સ્પર્ધા યોજાઈ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને ખીલવવા માટે પોસ્ટર મેકીંગ, ઓન ધ સ્પોટ પઝેઈન્ટીંગ, રંગોલી તેમજ મહેંદી જેવી વિવિધ કલા વિષયક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પોસ્ટ મેકીંગમાંપ્રથમ પંડયા અનુપા, દ્વિતીય દેસાઈ દેવલ વિજેતા બન્યા હતા. ઓન ધ સ્પોટ પેઈન્ટીંગમાં ગોજિયા પૂનમ, રંગોલીમાં પ્રથમ પ્રજાપતિ દિવ્યા તેમજ મેસરિયા હિના, મહેંદીમાં પ્રથમ સોની રોશની, રાઠોડ રેણુકા, પટેલ શકુન્તલા વિજેતા થયા હતા.

વિજેતા બનેલ તમામ વિદ્યાર્થીનીઓને કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તેમજ અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના સાંસ્કૃતિ પ્રવૃત્તિના કો.ઓર્ડીનેટર પ્રા. પ્રતિમા એમ. છનિયારા, પ્રા. મુન્નાબેન ચૌધરી, પ્રા. સોનલબેન મોદી, પ્રા. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાએ યોજાયેલ રમતગમત વિવિધ સ્પર્ધામાં

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી.પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાલુકા કક્ષાએ યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. જેમાં ૫ ઓગસ્ટના રોજ મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૧૬ ખાતે યોજાયેલ યુ-૧૯ વોલીબોલ, ખોખો, સ્પર્ધામાં શાળા પ્રથમ નંબરે વિજેતા થઈને જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. જયારે કબડ્ડી સ્પધામાં યુ-૧૯ ખોખો સ્પર્ધા દ્વિતીય સ્થાન મેળવેલ છે. અને પાંચ વિદ્યાર્થીની જિલ્લાકક્ષાએ રમત માટે પસંદગી પામેલ છે.

ઉપરોકત તમામ ખેલાડીઓને શાળા વ્યાયામ શિક્ષક હાર્દિકભાઈ પટેલ, ઉચ્ચતર માધ્યમિકના ઉર્વશીબેન જોશી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યોજાયેલ સ્પર્ધાઓમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાના ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો, આચાર્ય તથા શિક્ષકગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

લૂંટ કેસમાં પકડાયેલ પૈકીનો એક ૧૨ સાયન્સનો વિદ્યાર્થી

ઈસનપુરના મીરા સિનેમા પાસે જવેલર્સના પુત્રની હત્યા કરી લૂંટ ચલાવનારા બે યુવકોની ગત મોડી રાત્રે કાઈમબ્રાન્ચની ટીમે ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પકડાયેલા બે યુવકો પૈકી એક યુવક ૧૨ સાયન્સનો વિદ્યાર્થી હોવાનો ખુલાસો થયો છે. ઈદના તહેવાર નજીક આવતો હોવાથી મોજશોખને પુરો કરવા માટે પૈસાની અછતને પૂરી કરવા બંને યુવકો ગ્રાહક બનીને જવેલર્સની દુકાનમાં પ્રવેશ કરી દુકાનદારના પુત્રની હત્યા બાદ લૂંટ ચલાવી હતી. ઝડપાયેલા બંને યુવકો પાસેથી કુલ રૂા. ૭,૬૦,૫૯૦નો મુદ્દામાલ ઝડપી પડાયો છે. ઈસનપુર વિસ્તારના મીરા સિનેમા પાસે આવેલ ચામુંડા જવેલર્સના માલિક પ્રવિણભાઈ પ્રજાપતિના પુત્ર દુર્ગેશના હત્યા કરાયેલી લાશ બુધવારે દુકાનમાંથી મળી આવી હતી. નિત્યક્રમ પ્રમાણે બપોરે ઘરેથી જમીને પરત દુકાન પર ફરેલા પ્રવિણભાઈની નજર પુત્રના મૃતદેહ પર પડતા તેમને હોશકોશ ઉડી ગયા હતા. આ સમગ્ર ઘટના અંગે ઈસનપુર પોલીસ તેમજ ક્રાઈમબ્રાન્ચની ટીમને જાણ થતાં જ તેઓ ઘટના સ્થળે દોડી આવી તપાસ શરૂ કરી દીધી હતી. પોલીસ અધિકારીઓને ખાનગી બાતમી મળી હતી કે, ચામુંડા જવેલર્સમાં થયેલ લૂંટના આરોપી સોના-ચાંદીના દાગીનાના મુદ્દામાલ સાથે મોટર સાયકલ માણેકચોક વેચવા જઈ રહ્યા છે જ્યાં હકીકતના આધારે બંને આરોપી મહંમદ અફઝલ શેખ ઉ. ૨૨, તેમજ સુલેહખાન પઠાણ ઉ. ૨૩ને ઝડપી પડાયા હતા. બંને આરોપી પૈકી સુલેહખાન નામનો યુવક સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, મીરઝાપુરમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો હોવાનું માલુમ પડ્યું હતું.

બાળકોને લંચબોક્સમાં શું આપશો?

બાળકોને બ્રેડ આપો તે ખૂબ ગમે છે તેઓ અવારનવાર બ્રેડ-જામની ડિમાન્ડ પણ કરતા હોય છે તો ક્યારેક ઘઉંની બ્રેડ આપો વાંધો નથી પણ તેને હેલ્ધી રીતે આપવા અહીં પ્રસ્તુત છે બ્રેડની વાનગીઓ.

● સ્વીટ બ્રેડ

સામગ્રી :-

ચાર સ્લાઇઝ ઘઉંની બ્રેડ

એક એપલ

પનીર - ૫૦ ગ્રામ

મધ

બટર

ઘી-એક ચમચી

એક ચમચો મિલ્કમેડ.

રીત : એક ચમચી ઘી મૂકી તેમા સફરજનના છીણને સાંતળવું, તેમાં પનીર છીણીને નાખવું, મધ તથા એક ચમચો મિલ્કમેડ નાખી સ્ટફીંગ તૈયાર કરવું.

બ્રેડને બટર મુકી બંને સાઇડ બ્રાઉન શેકવી તેની ઉપર એપલનું સ્ટફીંગ પાથરવુ તેના પર બટરમાં શેકેલી બીજી બ્રેડ મુકી કટ કરી આ સ્વીટ સેન્ડવીચ લંબબોક્સમાં આપવી.

- ક્યારેક બ્રેડની શેકેલી બંને સ્લાઇઝ વચ્ચે આમળાંનો મુરબ્બો પણ મુકી આપી શકાય.

● વેજ બ્રેડ

સામગ્રી :-

ચાર સ્લાઇઝ ઘઉંની બ્રેડ

૧ કપ ઝીણા સુધારેલા કેપ્સીકમ

એક ચમચો કોબી

એક ચમચો કાકડી

ઝીણા સુધારેલા ટમેટાં

એક ક્યુબ ચીઝ

બટર

મરી

મીઠું

કોથમીર

ફુદીનો

પાલકના પાંચ પાન

લીલાં મરચા

ટોમેટો કેચ અપ - ૧ ચમચો

રીત :- એક બોલમાં ઝીણા સુધારેલા કેમ્સીકમ, એક ચમચો ઝીણી સુધારેલી કોબીજ, કાકડી, ઝીણા સુધારેલા ટમેટા તેમાંથી વચ્ચેનો રસ અને બી કાઢી નાખતા, કોથમીર, ફુદીનો અને પાલકના પાન ઝીણા સુધારવા, ચીઝ ખમણીને નાખવું, મરી મીઠું, લીલા મરચાં આ બધું બરાબર મિક્સ કરી બ્રેડ પર બટર લગાડી વેજ પાથરી કટ કરી લંચબોક્સમાં 'વેજ-બ્રેડ' આપવી.

● હોટડોગ

સામગ્રી :-

એક હોટડોગ બન

બટર

એક ચમચો છોલ ચણા (ચીકપીઝ)

ગાજર

કેપ્સીકમ

કોથમરી

લીલુ મરચું

ચીઝ

મરી

મીઠું

લીબું

રીત :- કાબુલી ચણાને બાફી તેને લીલા મરચાં, મરી, મીઠું, કોથમરી નાખી ક્રસ કરવા. ગાજર છીણીને નાખવું કેપ્સીકમની ચીરીઓ જેવી સુધારી નાખવું, લીંબુ નીચોવવું. હોટડોગ બંનેને વચ્ચેથી કાપી બટર લગાવી શેક્યું, તેમાં કાબુલી ચણાનું મિશ્રણ જેને હમસ કહે છે તે પાથરવું. તેની ઉપર ગાજર તથા કેમ્સીકમનું મિશ્રણ પાથરવું, ચીઝ છીણીને નાખવું, તેને વચ્ચેથી કટ કરી ફોઇલ પેપરમાં વીટી આપવું.

● બ્રેડની પેટીસ

સામગ્રી :-

બ્રેડ

પાલકની ભાજી

કોથમરી

લીલા મરચાં

આદુનું છીણ

બટર

લાલ મરચું

હળદર

ખાંડ

લીંબુ

મીઠું

કેપ્સીકમ - ૧ નંગ

રીત :- બ્રેડનો ભૂકો કરવો. આ માટે સેન્ડવીચ માટે બ્રેડની સ્લાઇઝ કટ કરતી વખતે સાઇડની જે પટ્ટીઓ કાઢી નાખીએ છીએ તે લઇએ તો પણ ચાલે. એક કપ પાલકની ભાજીની પ્યુરી બનાવવી, બ્રેડના ભૂકામાં કોથમરી, લીલાં ઝીણા સુધારેલા મરચાં, કેપ્સીકમ ઝીણું સુધારેલું, મીઠું, લીંબુ, હળદર, લાલ મરચુ, ખાંડ બધું નાખી પાલકની પ્યુરી નાખી નાની ગોળ પેટીસ વાળવી. આ પેટીસને તવી પર બટર લગાડી શેકી લેવી. તેને લીલી ચટણી સાથે લંચ બોક્સમાં આપવી.

- વીણા પી. વોરા